# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 21-09-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

*****************************************************

1. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી રાજ્યના ત્રણ દિવસના પ્રવાસે... આવતીકાલે એકતાનગર ખાતે 72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો એનાયત કરશે.
2. આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્યમંત્રી અનુપ્રિયા પટેલે જણાવ્યું કે ફાર્માકોવિજિલન્સમાં ભારતની સફર આત્મનિર્ભરતાનું એક નોંધપાત્ર ઉદાહરણ.
3. અમેરિકા શરતો પૂર્ણ ન કરે ત્યાં સુધી હોર્મુઝ સ્ટ્રેટને ખોલવાનો કે અમેરિકા સાથે ફરી વાટાઘાટો કરવાનો ઈરાને ઇન્કાર કર્યો.
4. દૂરસંચાર વિભાગે નાગરિકોને છેતરપિંડીથી સિમ કાર્ડ જારી કરવા, ટેલિકોમ ઓળખકર્તાઓનો દુરુપયોગ કરવા અથવા IMEI નંબરો સાથે ચેડાં કરવા સામે ચેતવણી આપી.
5. ઉછાળા સાથે શેરબજારના નવા કારોબારી સપ્તાહની શરૂઆત.
6. એશિયન ગેમ્સમાં ભારતે 10 મીટરની એર રાયફલ શૂટિંગ સ્પર્ધામાં બે ચંદ્રક જીત્યા.

-----------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...**

# PRESIDENT GUJARAT VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી ગુજરાતના ત્રણ દિવસના પ્રવાસે આવશે. તેઓ આવતીકાલે કેવડિયાના એકતા નગર ખાતે 72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારોના પ્રસ્તુતિ સમારોહની અધ્યક્ષતા કરશે.

બુધવારે, રાષ્ટ્રપતિ વડોદરા ખાતે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાના 75મા વાર્ષિક દીક્ષાંત સમારોહમાં હાજરી આપશે. તેઓ બ્રહ્મા કુમારીઝના અભિયાન 'વિશ્વ નવીકરણ માટે આધ્યાત્મિક જાગૃતિ'નો પણ પ્રારંભ કરશે અને વડોદરા ખાતે 'ગ્લોબલ સ્પિરિચ્યુઅલ પેલેસ' રીટ્રીટ સેન્ટરનું ઉદ્ઘાટન કરશે. રાષ્ટ્રપતિ આ પ્રસંગે બ્રહ્મા કુમારીઓ નડિયાદના 'યુથ ફોર વિક્ષિત ભારત: જાગૃતિ આંતરિક શક્તિ માટે રાષ્ટ્ર નિર્માણ' અભિયાનનો વર્ચ્યુઅલી પ્રારંભ કરાવશે.

# ANUPRIYA - NATIONAL FORMULARY EARLY

આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજ્યમંત્રી અનુપ્રિયા પટેલે આજે જણાવ્યું હતું કે ફાર્માકોવિજિલન્સમાં ભારતની સફર વર્ષોથી આત્મનિર્ભરતાનું એક નોંધપાત્ર ઉદાહરણ રહી છે. તેમણે નવી દિલ્હીમાં નેશનલ ફોર્મ્યુલરી ઓફ ઈન્ડિયાની 7મી આવૃત્તિનું વિમોચન કરતી વખતે આ વાત કહી હતી.

મંત્રીએ જણાવ્યું હતું કે હાલમાં દેશમાં એક હજાર એકસોથી વધુ પ્રતિકૂળ દવા પ્રતિક્રિયા દેખરેખ કેન્દ્રો કાર્યરત છે અને સરકાર આ સંખ્યામાં વધારો કરશે. તેમણે માહિતી આપી હતી કે દેશ હવે WHO દર્દી સલામતી ડેટાબેઝને ફાર્માકોવિજિલન્સ ડેટા પ્રદાન કરે છે. મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે ભારત 2014 માં વિશ્વ આરોગ્ય સંસ્થાને આ ડેટા પ્રદાન કરવામાં 123મા ક્રમેથી વધીને 8મા ક્રમે પહોંચી ગયું છે.

(VC: ANUPRIYA PATEL, UNION MINISTER OF STATE)

# IRAN STRAIT OF HORMUZ

બંને દેશો વચ્ચે તણાવ વધતાં ઇરાની સંસદના સ્પીકર મોહમ્મદ બાઘર ગાલિબાફે જણાવ્યું હતું કે, વોશિંગ્ટન તેહરાનની શરતો પૂર્ણ ન કરે ત્યાં સુધી ઇરાને હોર્મુંઝ સ્ટ્રેટને ફરીથી ખોલવાનો કે અમેરિકા સાથે  ફરી વાટાઘાટો કરવાનો ઇન્કાર કર્યો છે. શ્રી ગાલિબાફે કહ્યું કે ઇરાને મધ્યસ્થી દ્વારા અમેરિકાને તેની માંગણીઓ પહોંચાડી છે અને જ્યાં સુધી તેહરાનની શરતો પૂર્ણ ન થાય ત્યાં સુધી તે તેના વલણ પર અડગ રહેશે. હોર્મુંઝ સ્ટ્રેટ વધતા યુએસ-ઇરાન સંઘર્ષમાં મુખ્ય ફ્લેશપોઇન્ટ છે. વ્યૂહાત્મક જળમાર્ગ વૈશ્વિક ઉર્જા શિપમેન્ટ માટે એક મહત્વપૂર્ણ માર્ગ છે, અને દરિયાઇ ટ્રાફિક પરના પ્રતિબંધોએ આંતરરાષ્ટ્રીય વેપાર અને તેલ પુરવઠામાં અવરોધ અંગે ચિંતા વ્યક્ત કરી છે.

ઇરાનના સેન્ટ્રલ મિલિટરી કમાન્ડે ચેતવણી આપી હતી કે તેહરાન સામે કોઈપણ નવી યુએસ લશ્કરી કાર્યવાહી સમગ્ર પ્રદેશમાં અમેરિકન ઠેકાણાઓ અને હિતો સામે હુમલાઓનું કારણ બનશે.

# TELECOMMUNICATION SIM CARDS

ટેલિકોમ્યુનિકેશન વિભાગે નાગરિકોને છેતરપિંડીથી સિમ કાર્ડ જારી કરવા, ટેલિકોમ ઓળખકર્તાઓનો દુરુપયોગ કરવા અથવા IMEI નંબરો સાથે ચેડા કરવા સામે ચેતવણી આપી છે. તેણે નાગરિકોને તેમના નામે જારી કરાયેલા સિમ કાર્ડ અન્ય લોકોને શેર ન કરવા અથવા ટ્રાન્સફર ન કરવા જણાવ્યું છે. વિભાગે નાગરિકોને નકલી દસ્તાવેજો દ્વારા સિમ કાર્ડ મેળવવાથી દૂર રહેવાની પણ સલાહ આપી છે.

સંદેશાવ્યવહાર મંત્રાલયે નાગરિકોને સંચાર સાથી પોર્ટલ અને મોબાઇલ એપ દ્વારા નિયમિતપણે તેમના મોબાઇલ કનેક્શન ચકાસવાની સલાહ આપી છે. આ પ્લેટફોર્મ વપરાશકર્તાઓને તેમના નામે જારી કરાયેલા તમામ મોબાઇલ નંબરો તપાસવા અને બિનજરૂરી અથવા ખરેખર તેમના ન હોય તેવા મોબાઇલ નંબરોને બ્લોક કરી શકે છે. મંત્રાલયે જણાવ્યું હતું કે, સાયબર છેતરપિંડીમાં ટેલિકોમ સંસાધનોનો દુરુપયોગ અટકાવવા અને સલામત અને સુરક્ષિત સંદેશાવ્યવહાર વાતાવરણ સુનિશ્ચિત કરવા માટે આ પગલાં મહત્વપૂર્ણ છે. ટેલિકોમ્યુનિકેશન વિભાગે પુનરોચ્ચાર કર્યો હતો કે સિમ કાર્ડ જારી કરવા, ટેલિકોમ ઓળખકર્તાઓનો દુરુપયોગ કરવા અથવા IMEI નંબરો સાથે ચેડા કરવા એ સજાપાત્ર ગુનો છે જેમાં ત્રણ વર્ષ સુધીની જેલ અને 50 લાખ રૂપિયા સુધીનો દંડ થઈ શકે છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# SEVA SANKALP ABHIYAN

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જાહેર સેવામાં 25 વર્ષ પૂર્ણ કરી રહ્યા છે. જન સેવા થી દેશ સેવાના સિદ્ધાંત દ્વારા સેવા અને સુશાસનના આ દ્રષ્ટિકોણથી પ્રેરિત આ યાત્રા 2047 સુધીમાં વિકસિત ભારતના લક્ષ્ય તરફ અગ્રેસર છે. આ યાત્રામાં પીએમ-કિસાન યોજનાની પણ મહત્વપૂર્ણ ભૂમિકા વિશે આ કડીથી મધ્યપ્રદેસના ખેડૂતોને મળી રહેલા લાભો અંગે માહિતગાર થઇએ.**

**(CAPSULE: PM KISHAN SEVA SANKALP ABHIYAN)**

**(VC: MITTAL PATEL)**

*મધ્યપ્રદેશમાં, બહોળી સંખ્યામાં ખેડૂતો પીએમ-કિસાન યોજનાનો લાભ લઈ રહ્યા છે. આ યોજના હેઠળ, પાત્ર ખેડૂતોને દર વર્ષે ત્રણ સમાન હપ્તામાં છ હજાર રૂપિયાની નાણાકીય સહાય સીધી તેમના બેંક ખાતામાં મળે છે. આ સહાય ખેડૂતોને ખાતર, બિયારણ અને અન્ય ખેતી પ્રવૃત્તિઓ માટે તેમની જરૂરિયાતો પૂરી કરવા માટે ઉપયોગી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે સરકાર ખેડૂતોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને સતત કામ કરી રહી છે.*

**(BYTE – PM NARENDRA MODI)**

*["અમારી સરકાર નાના ખેડૂતોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને પણ કામ કરી રહી છે. અમારા ખેડૂત મિત્રો ફળો અને શાકભાજી ઉગાડે છે અને પશુપાલનમાં પણ સામેલ છે." પીએમ-કિસાન સન્માન નિધિ આવા કરોડો નાના ખેડૂતોને મદદ કરી રહી છે."]*

*VC:વર્ષ 2019 માં શરૂ થયેલી આ યોજના હેઠળ અત્યાર સુધીમાં, 23 હપ્તાઓ દ્વારા ચાર લાખ 47 હજાર કરોડ રૂપિયાથી વધુ ખેડૂતોને અપાયા છે. કેન્દ્ર સરકારે હવે 2026-27 થી 2030-31 સુધી પીએમ-કિસાન યોજના અમલમાં રાખવાનો નિર્ણય કર્યો છે. છિંદવાડાના ખેડૂત બસંત પટેલે જણાવ્યું હતું કે ખેડૂતો આ યોજનાને વધુ પાંચ વર્ષ લંબાવવાના નિર્ણયથી ખુશ છે.*

**(BYTE – FARMER)**

*("અમે ખૂબ ખુશ છીએ કે કિસાન સન્માન નિધિ યોજનાને વધુ પાંચ વર્ષ માટે લંબાવવામાં આવી છે. આ યોજના ખેડૂતો માટે ખૂબ ઉપયોગી છે. તે અમને બીજ અને ખાતર ખરીદવામાં મદદ કરે છે અને વાવણીની મોસમ દરમિયાન પણ ઉપયોગી છે. અમે નરેન્દ્ર મોદી સરકારનો આભાર માનીએ છીએ.")*

*VC:અત્યાર સુધીમાં એક લાખ છ હજાર કરોડ રૂપિયાથી વધુ રકમ આપીને આ યોજનાનો લાભ મહિલા ખેડૂતોને પણ અપાઇ રહ્યો છે. આ યોજના ડિજિટલ વેરિફિકેશન, આધાર પ્રમાણીકરણ અને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફરનો ઉપયોગ કરીને સીધા ખેડૂતોને નાણા મોકલાય છે.*

# DELHI HIGH COURT

દિલ્હી વડી અદાલતમાં આજે સાત ન્યાયિક અધિકારીઓએ ન્યાયાધીશ તરીકે શપથ લીધા. આ સાથે, દિલ્હી વડી અદાલતમાં ન્યાયાધીશોની કુલ સંખ્યા 50 થઈ.

મુખ્ય ન્યાયાધીશ ડી.કે. ઉપાધ્યાયે, ન્યાયાધીશ નિવેદિતા અનિલ શર્મા, નિશા સહાય સક્સેના, સંજય શર્મા, ભરત પારાશર, અદિતિ ચૌધરી, દિનેશ ભટ્ટ અને અરુણ ભારદ્વાજને શપથ લેવડાવ્યા.

કેન્દ્ર સરકારે સર્વોચ્ચ અદાલત કોલેજિયમની ભલામણને પગલે 19 સપ્ટેમ્બરના રોજ આ સાત લોકોની નિમણૂકની જાહેરાત કરી હતી. આ તમામ ન્યાયાધીશોને વડી અદાલતના વધારાના ન્યાયાધીશ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

# STOCKS 1200

સ્થાનિક શેરબજારના મુખ્ય સૂચકાંકો હકારાત્મક વલણ સાથે કારોબાર કરી રહ્યા છે. છેલ્લા સમાચાર મુજબ, સેન્સેક્સમાં 500થી વધુ અંક જ્યારે નિફ્ટીમાં 70થી વધુ અંકનો વધારો થયો છે.

સેક્ટર-વાર વાત કરીએ તો, રિયલ્ટી, હેલ્થકેર અને ફાર્મા ક્ષેત્રોમાં સૌથી વધુ ઉછાળો જોવા મળ્યો હતો. જ્યારે ટેલિકોમ્યુનિકેશન, આઈટી (IT) અને મિડ-સ્મોલ પ્રાઈવેટ બેંકોના શેરમાં ઘટાડો નોંધાયો હતો.

ક્રૂડ ઓઈલના ભાવમાં નરમાઈ અને સ્થાનિક શેરબજારોમાં સકારાત્મક વલણ વચ્ચે, આજે રૂપિયો યુએસ ડોલર સામે 24 પૈસા મજબૂત થઈને 95.72 પર પહોંચ્યો છે.

# REV. ASIAN GAMES

જાપાન એશિયન ગેમ્સમાં, ભારતે પુરુષોની 10 મીટર એર રાઇફલ સ્પર્ધામાં બે ચંદ્રક જીત્યા. હિમાંશુ ધિલ્લોને 252.4 પોઈન્ટ સાથે રજત ચંદ્રક જીત્યો, અને રુદ્રાક્ષ પાટીલે 230.9 પોઈન્ટ સાથે કાંસ્ય ચંદ્રક જીત્યો.

અગાઉ, ભારતે પુરુષોની 10 મીટર એર રાઇફલ ટીમ સ્પર્ધામાં પણ રજત ચંદ્રક જીત્યો. હિમાંશુ ધિલ્લોન, પાર્થ માને અને રુદ્રાંક્ષ પાટીલે બીજા સ્થાને રહ્યા, જ્યારે ચીને સુવર્ણ ચંદ્રક જીત્યો.

મિશ્ર માર્શલ આર્ટ્સમાં, મહિલાઓની 60-કિલોગ્રામ પરંપરાગત શ્રેણીની સેમીફાઇનલમાં સુચિકા તરિયાલે કાંસ્ય ચંદ્રક જીત્યો હતો.

# PREZ- ASIAN GAMES

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ એશિયન ગેમ્સ 2026માં પુરુષોની 10 મીટર એર રાઈફલ ટીમ સ્પર્ધામાં રજત ચંદ્રક જીતવા બદલ રુદ્રાંક્ષ બાળાસાહેબ પાટીલ, પાર્થ રાકેશ માને અને હિમાંશુ ધિલ્લોનને અભિનંદન પાઠવ્યા છે. સોશિયલ મીડિયા સંદેશમાં તેમણે કહ્યું કે ,તેમની સચોટતા અને ઉત્કૃષ્ટ પ્રદર્શને દેશનું ગૌરવ વધાર્યું છે. રાષ્ટ્રપતિ મુર્મુએ તેમને ભવિષ્યમાં વધુ સિદ્ધિઓ હાંસલ કરવા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ પણ એશિયન ગેમ્સ 2026ના  વિજેતાઓને અભિનંદન પાઠવ્યા.

# I&B - THAROOR ALLEGATION

માહિતી અને પ્રસારણ મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે 18મા આંતરરાષ્ટ્રીય દસ્તાવેજી અને ટૂંકી ફિલ્મ મહોત્સવ કેરળમમાં કોઈપણ ફિલ્મના પ્રદર્શન માટે પરવાનગી આપવાનો ઇનકાર કરવામાં આવ્યો નથી. કોંગ્રેસ નેતા શશિ થરૂરના આરોપનો જવાબ આપતા, મંત્રાલયે જણાવ્યું હતું કે છ ફિલ્મોને વધુ વિગતવાર સારાંશ આપવા વિનંતી કરવામાં આવી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, મંત્રાલયે જણાવ્યું હતું કે, ફિલ્મોના વિષયના આધારે, કેટલીક ફિલ્મોને તેમની સમીક્ષા માટે વિવિધ ક્ષેત્રીય અધિકારીઓને મોકલવામાં આવી છે. શ્રી થરૂરે આરોપ લગાવ્યો હતો કે મહોત્સવમાં કેરળમમાંથી 31 ફિલ્મોના પ્રદર્શન માટે પરવાનગી આપવાનો ઇનકાર કરવામાં આવ્યો હતો.